# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

રેફ નં. તાઃ ૦૭/૦૩/૨૦૨૨

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## જીવનમાં મુશ્કેલીભરી પરિસ્થિતિ આવવાની જ છે પણ તેમાંથી પોતાની જાતને બહાર કાઢીને જીવનમાં પગભર થવા એક વખત બિઝનેસ જરૂર કરશો તેવી મહિલા સાહસિકોની વિદ્યાર્થીનિઓને હાકલ

### તમે પેશનેટ છો અને બિઝનેસ કે પ્રોફેશનમાં કઇ કરવાનું મન બનાવી આગળ વધી ગયા હોય તો તમે ચોકકસ તે કરી શકો છો : મહિલા સાહસિકો

### આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે ચેમ્બર તથા વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટી દ્વારા સફળ મહિલા સાહસિકો સાથે ટોક શોનું આયોજન કરાયું

**સુરત.** ભારત સહિત સમગ્ર વિશ્વભરમાં ૮ માર્ચે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવશે ત્યારે એક દિવસ પહેલા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે સોમવાર, તા. ૭ માર્ચ ૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૧૫ કલાકે શિવ ગૌરી હોલ, વનિતા વિશ્રામ, અઠવાગેટ, સુરત ખાતે 'સફળ મહિલા સાહસિકોની યાત્રા' વિષય ઉપર ટોક શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને વિદ્યાર્થીનિઓને જીવનમાં ઉદ્યોગ સાહસિકતા, સામાજિક ક્ષેત્રે તેમજ વ્યવસાયમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, ભારતમાં કુલ એમએસએમઇ એકમોમાંથી ૨૦.૩૭ ટકા એકમોમાં મહિલા સાહસિકો પોતાની માલિકી ધરાવે છે. ભારતના કુલ રોજગારીમાં આ મહિલા સાહસિકો દ્વારા આપવામાં આવતી રોજગારીનું પ્રમાણ ૨૩.૩ ટકા જેટલું થાય છે. ઉત્પાદન અને કૃષિ ક્ષેત્રમાં કામ કરતી મહિલાઓની સંખ્યા પુરુષો કરતા વધારે છે. આ ક્ષેત્રોને સામાન્ય રીતે પરિવારોને ગરીબીમાંથી બહાર લાવવા માટે તેમજ હાયર હાઉસહોલ્ડ ઇન્કમ ઉભી કરવા માટે શ્રેય આપવામાં આવે છે. વધુમાં, વર્ષ ૨૦૨૧ માં મહિલા શિક્ષણનો રેશિયો ૮.૮ ટકા ઉંચો ગયો છે, જે દેશના ઉજ્જવળ ભવિષ્યની સંભાવનાઓને દર્શાવે છે.

બોસ્ટન કન્સલ્ટિંગ ગૃપ અનુસાર, મહિલાઓ દ્વારા સ્થાપિત અથવા સહ–સ્થાપિત સ્ટાર્ટ–અપ્સ પાંચ વર્ષના સમયગાળામાં ૧૦ ટકાથી વધુ કયુમુલેટીવ ઇન્કમ ઉભી કરે છે. આ સ્ટાર્ટ–અપ્સમાં વધુ સમાવિષ્ટ વર્ક કલ્ચર છે અને પુરુષો કરતાં ત્રણ ગણી વધુ મહિલાઓને રોજગારી આપે છે. મહિલા સાહસિકો ભારતના સ્ટાર્ટ–અપ ઇકો સિસ્ટમને ૫૦ ટકા એમ્પાવર કરી રહી છે. ભારતની ગ્રામિણ વિસ્તારની ૪૫ ટકા મહિલાઓ પોતાની ઓળખ ઉભી કરવા માટે નવા વ્યવસાયો શરૂ કરી અન્ય મહિલાઓને પણ વ્યવસાય ક્ષેત્રે જીવનમાં આગળ વધવા માટે પ્રેરીત કરી રહી છે. તેમણે નાયકાના ફાઉન્ડર ફાલ્ગુની નાયરનો દાખલો આપ્યો હતો.

ટોક શોમાં જાણીતા એડવોકેટ પ્રિતી જોશી, ચેમ્બરના વિમેન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન તેમજ એલઆઇસી એડવાઇઝર જ્યોત્સના ગુજરાતી તથા મહિલા સાહસિકો નિમિષા પારેખ અને પરીષી શાહ વકતા તરીકે જોડાયા હતા. જ્યારે વનિતા વિશ્રામ કોલેજના પ્રોફેસર ડો. અભિલાષા અગરવાલ અને ચેમ્બરના વિમેન આંત્રપ્રિન્યોર સેલના એડવાઇઝર સ્વાતિ શેઠવાલાએ મોડરેટર તરીકેની ભૂમિકા અદા કરી હતી.

એડવોકેટ પ્રિતી જોશીએ જણાવ્યું હતું કે, વ્યવસાયમાં અથવા તો પ્રોફેશનમાં સફળ થવા માટે પ્રથમ તો ક્ષેત્રની પસંદગી જરૂરી છે. ત્યારબાદ પસંદ કરાયેલા ક્ષેત્રમાં સફળ થવા માટે આત્મવિશ્વાસ કેળવવો જરૂરી છે. સફળ વ્યવસાયી બનવા માટે રિસ્ક લઇને આર્થિક મુશ્કેલીનો પણ સામનો કરવાની તૈયારી સાથે આગળ વધવું પડશે.

જ્યોત્સના ગુજરાતીએ જણાવ્યું હતું કે, એલઆઇસી એડવાઇઝર તરીકે ગરીબ તથા મધ્યમ પરિવારોના ભવિષ્યને ઇન્સ્યુરન્સ થકી સુરક્ષિત કરવામાં ઘણું મોટીવેશન મળે છે. કોરોના કાળ દરમ્યાન લોકોને પ્રિમિયમ ભરવા માટે મુશ્કેલી થતી હતી ત્યારે એવા સમયે લોકોને તેમજ એનઆરઆઇ કલાઇન્ટને પણ ઓનલાઇન પેમેન્ટ વિશે નોલેજ આપીને તેઓને કલેઇમ અપાવ્યા હતા. બિઝનેસ અને નોકરી–ધંધા બધું જ બંધ હોવાથી એલઆઇસી પોલિસીધારકોને લોન અપાવવા માટે ઘણી મહેનત કરી હતી. તેમણે કહયું કે, ઇન્સ્યુરન્સ ક્ષેત્રમાં મહિલાઓનું પ્રદાન ઓછું ત્યારે તેમણે મહિલાઓ તેમજ વિદ્યાર્થીનિઓને આ ક્ષેત્રમાં પણ આગળ વધવા માટે તેમજ પોતે તથા પરિવારને સુરક્ષિત કરવા માટે પ્રેરીત કરી હતી.

મહેંદી આર્ટીસ્ટ તરીકે કેરીયર બનાવનાર નિમિષા પારેખે જણાવ્યું હતું કે, સમાજમાં ખૂબ જ નવાઇ લાગે છે કે મહેંદી મુકવાવાળા પોતાનું કેરીયર કઇ રીતે બનાવી શકે પણ હકીકતમાં તેમણે આ દિશામાં સમાજમાં ચિલો પાથર્યો છે અને મહેંદી આર્ટીસ્ટ તરીકે કેરીયર બનાવ્યું છે. તેમણે કહયું કે, મહેંદી મુકતા આવતું ન હતું એટલે ડેવલપ કર્યું અને હવે લોકોના સ્વભાવ પ્રમાણે મહેંદી મુકે છે. એ માત્ર ભારતમાં જ નહી પણ વિશ્વના વિવિધ દેશોમાં જઇને પણ મહેંદી મુકે છે. તેમણે કહયું કે, જીવનમાં નાના નાના નિર્ણય લો અને નાના નાના ગોલ બનાવો. ત્યારબાદ તેને સિદ્ધ કરવા માટે કામે લાગી જશો તો સફળતા જરૂર મળશે.

અન્ય એક વકતા પરીષી શાહે જણાવ્યું હતું કે, ફેશન ડિઝાઇનર બનવું હતું પણ પરિવારની આર્થિક મુશ્કેલીને કારણે તેઓને જ્વેલરીમાં આવવું પડયું હતું. માતા – પિતા સાથે મળીને ખૂબ જ મહેનત કરીને જ્વેલરીમાં કઇક નવું કરીને જેમ એન્ડ જ્વેલરી ક્ષેત્રે આગળ વધ્યા છે પણ હજીય ફેશન ડિઝાઇનર તરીકે નામના મેળવવાનું લક્ષ્ય મુકયું નથી. તમે પેશનેટ છો અને બિઝનેસ કે પ્રોફેશનમાં કઇ કરવાનું મન બનાવી લીધું હોય તો તમે ચોકકસ કરી શકો છો.

ટોક શોમાં હાજર રહેનારી વિદ્યાર્થીનિઓને મહિલા સાહસિકોના હસ્તે સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં મહાનુભાવો તરીકે સ્થાન શોભાવનાર વનિતા વિશ્રામના ચેરમેન કૃપલાની દેસાઇ, વાઇસ ચેરમેન પ્રવિણ વોરા, સેક્રેટરી ડો. એસ.કે. મોહંતી તથા વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. અંજલિ કરાંદેએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. ચેમ્બરના ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્ય અને લેડીઝ વીંગના ચેરપર્સન રમા નાવડિયા તથા વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટીના પ્રમોશન એન્ડ પ્લેસમેન્ટ ઓફિસર વિજય રાદડીયાએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટીના ઇન્ચાર્જ રજિસ્ટ્રાર ડો. ઇમરાન સુરતીએ સર્વેનો આભાર માની ટોક શોનું સમાપન કર્યું હતું.